

## ‘આ હાર તેને પહેરાવો !’

મા ત્યારે બનારસમાં હતાં. આશ્રમના મોટા હૉલમાં સત્સંગ ચાલી રહ્યો હતો. ભક્તો એકાગ્રપણે માની વાણી સાંભળી રહ્યાં હતા.

બહુ મોટી મેદની નહોતી. સત્સંગમાં ક્યાંકથી એક મોટો કૂતરો આવી ચઢ્યો. તે તો આરામથી હૉલમાં ટહેલવા લાગ્યો.

કૂતરાને આમ નિર્ભય રીતે ફરતો જોઈને ભક્તો ગભરાયા.

બે-ત્રણ ભક્તો ઊઠ્યા ને બહાર કાઢવાની કોશિશ કરવા લાગ્યા.

પણ કૂતરો બહાર નીકળવાને બદલે અંદર આવ્યો ને હવે અંદર આંટા મારવા લાગ્યો. બધાનું ધ્યાન કૂતરા તરફ જ હતું. માએ ઈશારાથી કહ્યું :

‘તેને કાઢવાનો પ્રયત્ન ન કરો. શાંતિથી ફરવા દો.’

પછી માના આદેશનો અમલ કર્યો. પણ હવે બધાં સત્સંગમાં એકાગ્ર થઈ શક્યાં નહીં. બધાનું ધ્યાન વારંવાર કૂતરા તરફ જ જવા લાગ્યું. મા જાણી ગયાં. પોતાના ગળામાં ભક્તોએ પહેરાવેલો હાર માએ કાઢ્યોને પાસે બેઠેલા એક ભક્તજનને કહ્યું : “આ લો, કૂતરાને પહેરાવો.”

બધાંના આશ્ચર્ય વચ્ચે તે ભાઈએ ફૂલોનો એ સુંદર હાર કૂતરાના ગળામાં પહેરાવી દીધો ! માના ગળામાં શોભી રહેલો એ હાર હવે કૂતરાના ગળામાં શોભવા લાગ્યો.

કૂતરાને આ હારમાં સમજ પડી હશે કે કેમ તે તો તેને વાચા આવે તો જ આપણને ખબર પડે. પણ તેનું વર્તન તેના અંતરના આનંદને વ્યક્ત કરતું હતું. કેમ કે, ગળામાં પહેરેલાં હાર સાથે તેણે મા તરફ જોઈને બે આગલા પગ ફેલાવ્યા ને એ રીતે બેઠો કે જાણે નમન કરતો ન હોય ! માએ તેના એ નમન ઝીલ્યા ને તેના પ્રત્યે સ્મિત ફરકાવ્યું. એ મૂક પશુ ને સચરાચરની માતા વચ્ચે શું આદાન પ્રદાન થયું તે તો તેઓ બંને જ જાણે. તે કૂતરો હારથી ખૂબ સુંદર લાગતો હતો ! માની એ પ્રેમની પુષ્પપ્રસાદી ગળામાં ધારણ કરી થોડી વારે ત્યાંથી ચાલ્યો ગયો.





## ‘હવે સ્વ-સ્થાને જાઓ !’

તે સમયે મા વૃંદાવનમાં હતાં. હરિબાબાના આશ્રમ પાસે ઊતર્યાં હતાં. હરિબાબાના આશ્રમમાં ચાલતા સત્સંગમાં તેઓ હાજરી આપતાં તેથી બધા ભક્તોને ખૂબ આનંદ મળતો.

તે દિવસે પણ મા લગભગ સવારના અગિયાર વાગે સત્સંગમાંથી સ્વ-નિવાસે પાછાં ફરી રહ્યાં હતાં. માની પાછળ પાછળ બીજા ભક્તો પણ આવતા હતા.

મા કૃષ્ણાશ્રમ પાસેની ગલીમાં પ્રવેશ્યાં કે એ જ સમયે એક કાળી સુંદર ગાય પોતાનું મખમલી પૂંછડું ઊંચું કરી દોડતી દોડતી આવી રહી હતી. ગાયને આ રીતે દોડતી આવતી જોઈને બધા ગભરાઈને આમતેમ ભાગવા લાગ્યા. પણ મા તો સ્થિર ઊભાં રહ્યાં. આ તો એક જ ગાય હતી. પણ નાનપણમાં મોસાળમાં આખું ગાયનું ધણ દોડતું આવ્યું હતું ત્યારે એટલી નાની વયે પણ મા તો સ્થિર ઊભા રહી ગયાં હતાં !

દોડતી ગાયો પણ મા પાસે આવીને સ્થિર થઈ ગઈ હતી. અત્યારે ય આમ દોડતી આવતી ગાયની સામે માને સ્થિર ઊભેલાં જોઈને ભક્તોના જીવ અદ્ધર થઈ ગયા. બે-ત્રણ ભક્તો તો સાહસ કરી પાસે પહોંચી જઈ આશ્રમમાં લઈ આવ્યા. પણ ગાય તો માની પાછળ પાછળ દોડીને આશ્રમના દરવાજા પાસે આવી ગઈ. તેને દરવાજે રોકી, પણ તે રોકી શકાય તેમ નહોતી. ભીડને હડસેલો મારીને તે તો સીધી મુખ્ય દરવાજાની અંદર ઘુસી ગઈ. જ્યાં મા હતાં ત્યાં પહોંચી ગઈ. પણ મા ઓરડામાં અંદર હતાં અને તે તેટલું ચઢી શકતી નહોતી. માએ તે જોયું ને તેઓ બહાર આવ્યાં. ગાય પાસે ગયા ને મસ્તકે હાથ ફેરવી પ્રેમથી પંપાળવા લાગ્યા. ગાય પણ માના સ્પર્શને ઝંખતી હોય તેમ, શાંત ચૂપચાપ ઊભી ઊભી તે સ્પર્શને અનુભવતી રહી. પછી મોટી મોટી બે આંખોથી માને તાકી રહી. મા પણ સામે જોઈ રહ્યાં હોય તેમ વહાલ કરી રહ્યાં. પછી માએ કહ્યું : “ગોમાતા, હવે તો આપણી મુલાકાત થઈ ગઈ. હવે તમારે ઘેર જાઓ.”

ગાયે પણ માની વાત સાંભળી લીધી હોય તેમ, પૂંછડું હલાવી કૃતજ્ઞતા વ્યક્ત કરતી હોય એમ, શાંતિથી પાછી ચાલી ગઈ !

ત્યારે ભક્તજનોને એવું જણાયું કે માનાં દર્શનની ઉત્કટ ઈચ્છા જાગૃત ચેતનાવાળા પ્રાણીઓમાં પણ હોય છે !



## 'મા, અમે ચગદાઈએ છીએ !'

તે વખતે કાશીના આશ્રમનું બાંધકામ ચાલી રહ્યું હોવાથી માલ-સામાન આવતો રહેલો. એક દિવસ ઈંટ-ચૂનો વગેરે આવ્યાં ને તેને ચોગાનના એક ખૂણામાં મૂકવામાં આવ્યાં. તે બપોરે બધા આરામ કરી રહ્યા હતાં ત્યારે મા અચાનક ઊભા થયાં ને તે જ્યાં માલસામાન પડ્યો હતો તે ખૂણામાં ગયાં. ત્યાં હાજર રહેલા લોકોને કહ્યું : ''અહીંથી આ સામાન જલદી ખસેડી લો.''

માએ આદેશ આપ્યો એટલે બધા ચૂપચાપ ત્યાંથી બધું ઉપાડવા લાગ્યા. પણ તેમને સમજાયું નહીં કે હજુ સવારે તો સામાન ત્યાં મૂક્યો છે ને અત્યારે મા કેમ ખસેડાવી રહ્યાં છે ? વળી આ ખૂણાનો એવો તો બીજો કોઈ ઉપયોગ પણ નથી !

આથી એક શિષ્યે પૂછ્યું યે ખરું : ''મા, અત્યારે આટલા જલદી અહીંથી સામાન કેમ ખસેડાવો છો ?''

માએ કહ્યું : ''ધીમેથી ખસેડજો; કેમ કે, અહીં કેટલાક કુમળા છોડ છે, એ ચગદાઈ રહ્યા છે.''

સામાન મૂકતી વખતે તો એ કુમળા છોડને કોઈએ જોયા જ ન હતા. તો માને કેમ ખબર પડી કે ત્યાં છોડ છે ! આ અંગે તેમણે માને પૂછ્યું.

ઉત્તર મળ્યો : બપોરે હું આરામ કરી રહી હતી ત્યારે આ કુમળા છોડોએ પોતાની જીવનરક્ષા માટે વિનંતી કરી : 'મા, અમે ચગદાઈ રહ્યા છીએ, ગૂંગળાઈ રહ્યા છીએ. તમે અમને બચાવી લો. અમારી રક્ષા કરો.'

ત્યારે સહુને ખબર પડી કે છોડવાઓની પ્રાર્થના ભરબપોરે માને અહીં ખેંચી લાવી હતી. પછી તો બધાએ ખૂબ કાળજીપૂર્વક એ ઈંટ-ચૂનાને ખસેડ્યાં, ને તેમાંથી જ નાના નાના છોડવાઓએ જાણે શ્વાસ લેવા માટે મથતા હોય એમ ડોકાં ઊંચાં કર્યાં !

બધો જ બોજો હટાવી લેવાયો ત્યારે તેઓ પછી ધીમે ધીમે ચેતનવંતા બનવા લાગ્યા. મા તેમની સમીપ ગયાં. ખૂબ પંપાળ્યા. પાણી પીવડાવ્યું. પછી તો, જાણે નવું જીવન મળ્યું હોય તેમ, ટટ્ટાર થઈ મસ્તક ડોલાવવા લાગ્યા. જાણે માનો આભાર માનતા ન હોય ! મા પણ તેમની ખુશી અનુભવી રહ્યાં.





## 'એ તો મેં ગાયને આપી દીધું !'

આશ્રમની ગાય માંદી પડી ગઈ હતી. પેટ ફૂલી ગયું હતું. શ્વાસ લેવામાં પણ તાતી તકલીફ પડતી હતી. માને આ ખબર પડી અને વહેલી સવારે જ ગાય પાસે ગયાને ક્યાંય સુધી તેની પાસે બેસી રહ્યાં. પછી કહ્યું : 'તેના ગળાનું દોરડું છોડી નાખો. એમ જ મુક્ત રહેવા દો.'

માના આદેશથી ગાયને મુક્ત કરવામાં આવી. ગાયને ખૂબ કષ્ટ થતું હતું; એટલે તે એમની એમ જ પડી હતી. સાંજે મા ફરી ગાય પાસે આવ્યાંને જોયું તો હાલત ગંભીર હતી. એક ભક્ત ગાયની સેવા કરી રહ્યો હતો.

માએ કહ્યું : ''કપડાથી ગાયને શેક કરો. પછી કામળો ઓઢાડો.''

મા ગાયની સાથે એક પથ્થર પર બેઠાં. ગાયની સામે તેનાં દર્દને જોતાં રહ્યાં. માને આ રીતે ત્યાં બેઠેલા જોઈ, અન્ય ભક્તો પણ ત્યાં આવ્યા ને ગાયની સેવામાં લાગી ગયા. એક ભક્તને માએ ડૉક્ટરને બોલાવી લાવવા કહ્યું.

ડૉક્ટર આવ્યા ને મા હસી પડ્યાં. પણ તે હાસ્યની પાછળનું રહસ્ય કોઈને સમજાયું નહીં. પણ જેવા ડૉક્ટર ગાયને તપાસવા ગયા કે ગાય ઊભી થઈને ચાલવા માંડી. ડૉક્ટર ગાયને તપાસી શક્યા નહીં. પણ તેનાં ચિન્હો પરથી તેમણે શું શું કરવું તે અંગેની બધી સૂચનાઓ આપી.

માએ ગાયની સેવા કરનારને એ બધાનું પાલન કરવા કહ્યું. પછી પોતાના ઓરડામાં જતા રહ્યાં.

તે દિવસે માને સખ્ત શરદી હતી. દીદીએ માને નાક સાફ કરવા સ્વચ્છ કપડું આપ્યું હતું. રાત્રે તેઓ માનું એ કપડું શોધવા લાગ્યા. પણ મળ્યું નહીં, એટલે પૂછ્યું ત્યારે માએ જણાવ્યું : ''એ તો મેં ગાયને શેક કરવા માટે આપી દીધું ! અને એટલે તો પછી ગાય ઊભી થઈને ચાલતી થઈ ગઈ !'' ડૉક્ટરના આગમન વખતના માના હાસ્યના રહસ્યની ત્યારે જાણ થઈ કે ગાય તો ડૉક્ટર આવ્યા પહેલાં જ સાજી થઈ ગઈ હતી ! ગાય હોય, કબૂતર હોય, કૂતરો હોય, પછી કુમળા છોડ હોય, અનાથ બાળક હોય, અછૂત હોય કે પછી મહારાજા હોય, માનો પ્રેમ અને કરુણાનાં વહેણ તો બધાં પર સમાનભાવે જ વહેતાં હતાં. જેવો જેનો આર્તનાદ ને પોકાર, તેવી માની કૃપા ને કરુણા !



# 'પિતાજી અહીં રહેશે !'

આગરપાડામાં માના જન્મોત્સવનો કાર્યક્રમ હતો. મા પણ ત્યાં હતાં.

અસંખ્ય ભક્તો એકત્ર થયા હતા.

આનંદોલ્લાસથી સભર ભક્તિ-ભાવભર્યા વાતાવરણમાં ત્રણ દિવસ સુધી મહોત્સવ ચાલવાનો હતો.

એક ગરીબ હરિજનને પણ ત્રણ દિવસ સુધી આવવાની ઈચ્છા હતી. દરરોજ માના દર્શન ને સત્સંગનો લાભ મળે એવાં મારાં ભાગ્ય ક્યાંથી ? એમ વિચારી તે બિચારો મનમાં જ દુઃખી થઈ રહ્યો હતો.

માએ તેના અંતરની ભાષા વાંચી લીધી. તેને બોલાવી કહ્યું : "પિતાજી, તમારે અહીં રોજ આવવું પડશે. ટેક્ષી ભાડું જૂની આપશે. તમારા જ પૈસા તમને આપશે."

માની વાત સાંભળી તે તો આભો જ બની ગયો. મા પાસે મોઢેથી બોલીને તો તેણે કંઈ જ માગ્યું નહોતું અને માએ સામેથી ત્રણેય દિવસ આવવાની આ રીતે સગવડ કરી આપી ! ખરેખર, મા અંતરના ભાવોને પકડી લે છે તેનો તેને નક્કર અનુભવ થયો અને મામાં તેની શ્રદ્ધા બળવત્તર બની. બધા જ દિવસે ઉત્સવમાં આવવાનું મળ્યું. માનાં દર્શન ને સત્સંગનો લાભ મળ્યો તેથી તે ધન્યતા અનુભવી રહ્યો.

જન્મોત્સવ પછી મા રાંચી થઈ પુરી જવાનાં હતાં. ત્યારે આ હરિજનને પણ પુરી આવવા કહ્યું. એ તો રાજીરાજી થઈ ગયો કે માના સાન્નિધ્યમાં પુરીધામની યાત્રા થઈ જશે. મા પુરી આવી ગયા પછી એ ભાઈ પણ પુરી આવી પહોંચ્યા. પરંતુ પુરીમાં ક્યાંય ઊતરવાની સગવડ તેમને મળી નહીં. આથી માની રજા લેવા માટે ગયા કે હવે હું પાછો જતો રહું છું. મા ત્યારે ઉપલે માળે હતાં. તે ભાઈને ત્યાં બોલાવ્યા. ત્યાં ઉપર મા પાસે જતાં પોતે અછૂત હોવાથી ખૂબ ક્ષોભ અનુભવી રહ્યાં. પણ માએ તે ટકવા જ ન દીધો. જોતાં જ બોલી ઊઠ્યાં : "અરે, પિતાજી આવ્યા છે. જુઓ જુઓ; સામે બાજુનો ઓરડો ખાલી કરી દો. પિતાજી એમાં રહેશે."

બીજીવાર માની આ કરામતને અચંબાથી નિહાળતા તેઓ સ્તબ્ધ બની ગયા. માએ આ વખતે પણ મોકો જ ન આપ્યો. તેઓ તો આવ્યા હતા માની રજા લેવા ને માએ તો પોતાની સામેના ઓરડામાં જ ઊતરવાની વ્યવસ્થા કરી દીધી !



"અરે મા, હું રહ્યો અછૂત હરિજન. અહીં આશ્રમમાં આપની સાથે કેવી રીતે રહી શકું ? એ યોગ્ય નથી. બીજે ક્યાંય જગ્યા હોય તો વ્યવસ્થા કરાવી આપો; નહીંતર હું કલકત્તા પાછો જતો રહું છું."

મા પ્રેમથી સામે જોઈ રહ્યાં અને પછી નાના બાળકને સમજાવતાં હોય એમ બોલ્યા, "માની વાત પર વાત કરવી ન જોઈએ."

બસ, હવે તેનાથી આગળ બોલી શકાય તેમ ન હતું.

આમ, હરિજન ભક્તને સામેના ઓરડામાં જ રાખ્યો !

પછી માએ કહ્યું : "પિતાજી મોટરમાં જરા બહાર જાઉં છું. તમે મારી સાથે ચાલોને !" માની પાસે રહેવાનું થયું તેનો તો તેને સંકોચ હતો જ અને હવે તો મા તેને પોતાની મોટરમાં લઈ જઈ રહ્યાં હતાં !

સંકોચપૂર્વક કહ્યું "મા, આપ શું કરી રહ્યાં છો ? આપની શું ઈચ્છા છે ? કંઈ સમજ પડતી નથી મને."

"હા, હું કંઈ તમને મંદિરમાં નહીં લઈ જઉં. દૂરથી જ પુરીનાં દર્શન કરવામાં શો વાંધો છે ? ચાલો, ચાલો, પુરીની પ્રદક્ષિણા કરી આવીએ."

માએ આ દીન, અછૂત ભક્તને પોતાની સાથે મોટરમાં બેસાડીને પુરીના દર્શન કરાવ્યાં. પણ મંદિરની અંદર તેઓ તેને લઈ જઈ શક્યાં નહીં; કેમ કે મંદિરની અંદર અછૂતોનો પ્રવેશ નિષિદ્ધ હતો. પણ પોતાના પ્રત્યેનો માનો આવો પ્રેમપૂર્ણ વ્યવહાર જોઈને તેઓ ગળગળા બની જતા હતા. જે કંઈ મા કરી રહ્યાં હતાં તે તો તેમની કલ્પના બહારનું હતું.

ત્યાં વળી માએ એક કલ્પનાતીત ઘટના સર્જી.

માએ સેવિકાને કહ્યું : "પિતાજીને પાણી આપો. તેમના હાથ ધોવડાવો." હવે મા કયું નવું કૌતુક કરી રહ્યાં છે એની એને સમજ ન પડી. ત્યાં તો માએ સેવિકાને કહ્યું : "ભોજન લાવો."

માની થાળી આવી. તેમાં શાકભાતનો ભોગ હતો.

માએ તેને કહ્યું : "પિતાજી, હવે મને ખવડાવો."

"અરે મા, હું હરિજન છું ! મારે હાથે તમને જમાડું ? આ તે કેવી વાત કરો છો ! ના, એવું હું નહીં કરી શકું."

પણ મા તો એક પણ વાત સાંભળવા તૈયાર નહોતાં. તેઓ તો એમનો વિરોધ જાણે જાણતાં જ ન હોય એમ કહેવા લાગ્યાં : "પિતાજી, માને ત્રણ કોળિયા જ ખવડાવવાના હોય છે. ચાલો, ખવડાવો જોઈએ."

હવે તેમને માના મુખમાં પ્રસાદ મૂક્યા વગર છૂટકો જ ન હતો.

પુરીમાં એ સાંજે માએ ભગવાન જગન્નાથની છાયામાં એક અછૂત હરિજનને હાથે ખાધું ને પછી એ હરિજનને પણ ભોજન કરાવ્યું. પતિતપાવની મા જ આ કરી શકે. માને માટે તો ક્યાં કોઈ ભેદ જ હતા ! સર્વમાં રહેલા નારાયણની સાથે એટલે કે પોતાના જ સ્વરૂપ સાથે એમને સંબંધ હતો. દરેકમાં રહેલા એ નારાયણને જ તેઓ પ્રેમ દ્વારા જગાડી રહ્યાં હતાં. એ દિવસે માને ત્રણ કોળિયા ખવડાવીને એ હરિજન સાચા અર્થમાં 'હરિજન' બની ગયો.

છતાં ભગવાન જગન્નાથનાં દર્શન તે કરી શકતો ન હતો, તેનો તેને મનમાં વસવસો રહી જતો હતો. તે રાત્રે પોતાના ઓરડામાં શાંતિથી તે બેઠો હતો. તેના મન, પ્રાણને હૃદયમાં ન સમજાય તેવા આનંદનો પ્રવાહ વહી રહ્યો હતો. આ એક જ દિવસમાં જાણે કોઈએ અંધારી ખીણમાંથી ઊંચકીને ઝળહળતા શિખર ઉપર બેસાડી દીધો હોય તેવું અનુભવી રહ્યો હતો. તેને સમજાતું નહોતું કે આ બધું એકાએક શું બની ગયું ?

હજુતો તે આનંદના ભાવમાં ડૂબેલો જ હતો ત્યાં મા તેના ઓરડામાં આવ્યાં. તેને થયું કે હવે મા વળી શું નવું લઈને આવ્યાં હશે !

તેણે જોયું તો માના હાથમાં સુંદર કોતરકામવાળી એક પેટી હતી.

આ પેટીમાં કંઈક અદ્‌ભૂત વસ્તુ હશે એવું તેને જણાયું.

તે એકદમ ઊભો થઈ ગયો. તેણે માને પ્રણામ કર્યાં. માએ તેને બેસાડ્યો ને કહ્યું : 'પિતાજી, જુઓ તો, આ બાળકીના બોક્ષ પર કેવી સુંદર ચિત્રકામવાળી નકશી છે ! હું ઢાંકણું ખોલું છું. તમે અંદર જુઓ. વેદી પર બેઠેલી ત્રણ મૂર્તિઓ છે.' માએ ઢાંકણું ખોલ્યું તો સાચે જ અંદર બલભદ્ર-સુભદ્રા ને જગન્નાથ બિરાજતાં હતાં. મા આનંદથી બોલી ઊઠ્યાં : ''જુઓ, જુઓ, પિતાજીને ભગવાન જગન્નાથનાં દર્શન થઈ ગયાં !'' મા એમ બોલ્યાં ને તે જ ક્ષણે જાણે તે પ્રતિમાઓ જીવંત થઈ ઊઠી ! અને તેને ભગવાનનાં દર્શન થયાં. જે જગન્નાથ ભવ્ય મંદિરની કાષ્ટપ્રતિમામાં બિરાજતા હતાં એ જ જગન્નાથ માએ ખોલેલા એ સુંદર બોક્ષની અંદર પણ બિરાજમાન હતા ! જાણે માની વિનંતીથી હરિજન ભક્તને દર્શન દેવા માટે ખુદ ત્યાં આવ્યા ન હોય !

પછી તો તેનું હૃદય કાબૂમાં રહી શક્યું જ નહીં. તેની આંખમાંથી આંસુ વહેવા લાગ્યાં : ''ઓ મા, હું અછૂત હલકી જાતિનો, કોઈ મારો સ્પર્શ તો શું, પણ મારા પડછાયાનો પણ સ્પર્શ ન કરે, એવા આ શુદ્ર બાળક ઉપર તમારી આટલી મોટી કૃપા ! મા, એથી જ તો અધમ-ઉદ્ધારિણી, પતિતપાવની કહેવાઓ છો.''

પછી તે માનાં ચરણોમાં પ્રણિપાત કરી રહ્યો.





## 'અપના બના લો !'

મંડીના રાજા યોગેન્દ્રસિંહજીના આગ્રહભર્યા આમંત્રણથી મા હરિબાબાની સાથે મંડી ગયાં હતાં.

ત્યાંના રાજપરિવારે મા માટે ખૂબ સુંદર વ્યવસ્થા કરી હતી.

ભક્તો અને અતિથિઓ માટે ભોજનાલય શરૂ કર્યું હતું અને ખુદ મંડી નરેશ પણ એ જ ભોજનાલયમાં ભક્તોની સાથે પ્રસાદ લેતા હતા.

માની વ્યવસ્થામાં કંઈ પણ કચાશ ન રહી જાય તેની ખાસ કાળજી મંડી નરેશ પોતે લેતા હતા. સત્સંગ માટે પણ વિશાળ મંડપ બાંધવામાં આવ્યો હતો. હરિબાબા સત્સંગ કરતા. મા તેમાં હાજર રહેતા.

હરિબાબા સમયપાલનના ચુસ્ત આગ્રહી હતા. તેઓ ઈચ્છતા કે બરાબર નિયત સમયે સત્સંગ શરૂ થઈ જવો જોઈએ. એમાં પછી શિથિલતા ન ચાલે. સત્સંગના સમયમાં થોડુંક પણ મોડું થાય તો તેમને માટે અસહ્ય બની જતું. મા પણ આ સમયને જાળવતાં. સત્સંગમાં જવાનો સમય થાય એટલે તેઓ એકદમ ઉતાવળા બની જતાં ને શિષ્યાને કહેતાં : 'અરે, જો બાબા સત્સંગમાં પહોંચી ગયા. તું મને જલદી જલદી મારી ચાદર આપી દે !'

ઝટપટ ચાદર ઓઢીને તેઓ સત્સંગમાં પહોંચી જતાં. તેમની આવી વ્યસ્તતા જોઈને ગુરુપ્રિયા દીદી કહેતાં : ''મા, તમે બહુ સારી સ્કૂલમાં દાખલ થયાં છો.'' કેમ કે, માના માટે સમય જાળવવો બહુ મુશ્કેલ હતો. કોઈ ભક્ત આવી જાય, સમાધિ લાગી જાય તો સમય સમયની જગ્યાએ રહી જાય ને મા ભાવલીન બની જતાં.

આથી દીદી મજાકમાં કહેતા : ''બાબા, તમને બહુ સારા પાઠ ભણાવે છે.'' અને ખરેખર માને એ પાઠ ભણવો પડ્યો.

તે દિવસે મંડીના રાજપરિવારે માને વિનંતી કરી કે, મા અમને તો આપની પાસે બેસવાનો સમય જ મળતો નથી. અમારી એવી વિનંતી છે કે અમારા પરિવારની પ્રાચીન મૂર્તિઓનો સંગ્રહ છે તે આપ જુઓ.'

તેમની વિનંતીને મા ટાળી શક્યા નહીં. તેમણે એ મૂર્તિઓનો સંગ્રહ જોયો અને પછી તેમની સાથે વાતચીત કરતાં તો સત્સંગનો સમય થઈ ગયો. હરિબાબાએ જોયું કે મા હજુ આવ્યાં નથી, એટલે તેમણે તો સમય થતાં સત્સંગ શરૂ કરી દીધો.

પછી માને એકાએક સત્સંગનું સ્મરણ થયું. એટલે તેઓ બાળકની માફક બોલી ઊઠ્યાં : "અરે, બાબા ગુસ્સો કરશે" ને ઊભા થઈ ગયાં.

પછી સત્સંગ હોલ તરફ ઉતાવળે ચાલ્યાં ગયાં. માના મુખ ઉપર એવા ભાવ હતા કે જાણે તેમનાથી ઘણો મોટો અપરાધ થઈ ગયો છે. ત્યાં જઈને હાથ જોડીને ચૂપચાપ બેસી ગયાં.

મા સત્સંગમાં મોડા પડ્યાં તેથી હરિબાબા નારાજ થઈ ગયા હતાં.

થોડીવાર પછી માને કહ્યું પણ ખરું : "સત્સંગનો સમય જાળવવો જ જોઈએ. જો આપણે જ સમય નહીં જાળવીએ તો લોકો શું કરશે ?" બાબાની વાત સાંભળીને મા તો નીચું જોઈને ચૂપચૂપ બેસી જ રહ્યાં. જાણે તેમણે ગુનો કર્યો ન હોય ! સત્સંગ પૂરો થયો. હરિબાબા . સાથે એક શબ્દ પણ ન બોલ્યા. તેઓ પોતાને ઉતારે જતા રહ્યા અને મા પાતાને નિવાસે પાછા ફર્યાં.

બીજે દિવસે સવારે હરિબાબાનો સેવક મનોહર રડતો રડતો મા પાસે આવ્યો ને બોલ્યો : "મા, બાબા પોતાનો ઓરડો બંધ કરીને બેઠા છે. કેટલુંય કહેવા છતાં બારણાં ઉઘાડતા નથી. ઊઠ્યા પણ નથી. કોગળા પણ કર્યા નથી ને કંઈ પણ જવાબ દેતા નથી."

જાણે કંઈ જાણતાં જ ન હોય એમ માએ પૂછ્યું : "કેમ, શું થયું ?"

"કાલે એમણે આપને કહ્યું તેથી દિલને દારુણ દુઃખ થયું છે. કાલે તો વારંવાર કહેતા હતા કે, 'મેં શું કરી નાખ્યું ? મેં માને એવું કેમ કહ્યું ?'"

"શું કહ્યું ? કંઈ કહ્યું નથી અને બાબા આ નાની બાળકીને નહીં કહે તો બીજું કોણ કહેશે ? જા, જઈને બાબાનાં ચરણો પકડી લે."

મનોહર આનંદિત થતો પાછો ફર્યો. બાબાને બારણું ખોલવા કહ્યું, પણ હજુય તેઓ બારણું ખોલતા ન હતાં.

આથી તેણે કહ્યું : "બાબા, સત્સંગનો સમય થવા આવ્યો છે. તેમાં નહીં જવાથી તો વધારે બગડશે. એનો સમય તો જાળવવો જ જોઈએ."

પછી બાબાએ બારણું ખોલ્યું ને તૈયાર થઈને સત્સંગમાં ગયા.

મા પણ સમયસર આવી ગયાં હતાં. સત્સંગ શરૂ થયો.



સત્સંગમાં વચ્ચે વચ્ચે બાબા માને પૂછતા રહેતા, પણ આજે બાબા માને કશું પૂછતા નહોતા. આથી માએ પૂછ્યું : "બાબા, કે' ોલતા નથી ? કશું પૂછતાંય નથી ? શું થયું છે ?"

તોય બાબા બોલ્યા નહીં, એટલે મનોહરે કહ્યું : 'મા, કાલે બાબાએ આપને કહ્યું તેથી બાબાને બહુ જ દુઃખ થયું છે.'

"બાબાએ શું કહ્યું ? કશું જ તો કહ્યું નથી અને આ શરીરે તો વિચાર્યું કે કેટલું સારું છે કે આ નાની બાળકીને બાબા 'પોતાની' માને છે અને એટલે તો એમણે કહ્યું. બાબા, આટલાં વરસો સાથે રહ્યા તોપણ મને 'પોતાની' ન બનાવી."

પછી અત્યંત મધુર ભાવે કહ્યું : "બાબા, અપના બના લો ન !" માના મુખે અત્યંત મધુર ભાવે આ વાક્યનું ઉચ્ચારણ સાંભળીને બાબાના ચહેરા ઉપર પ્રસન્નતા ફરી વળી. પણ તોય તેઓ કંઈ બોલ્યા નહીં. એટલે પછી માએ કહ્યું : "જો બાબા મૌન રહેશે તો આ શરીરનો પાકો 'ખ્યાલ' થતાં એવું મૌન લેશે કે પછી કોઈ એને છોડાવી શકશે નહીં."

બસ, પછી તો માના આવા મૌનની કલ્પના જ બાબા માટે અસહ્ય હતી. બાબા ખડખડાટ હસી પડ્યા ને બોલ્યા :

"મા, તમારી તો વાત જ અનોખી છે !"

**હંમેશાં સત્યની શોધ પાછળ દૃઢપ્રતિજ્ઞ થવું અને પરિણામે દરેક રીતે પૂરેપૂરા સત્યનિષ્ઠ થવું, એ મનુષ્યની ફરજ છે. (એ માટે) સદાસર્વદા ઈશ્વરની કૃપા વરસી જ રહી છે.**

**– 'શ્રી શ્રી મા'**



# 'મને દંડ આપ !'

મા હંમેશા સત્સંગ સભામાં સમયસર જ પહોંચી જતાં. તે દિવસે પણ તેમને સત્સંગમાં જવાનું હતું. સત્સંગમાં જવાના સમયની જાણ કરવાનું કામ શશધરદાદાનું હતું. સમય થઈ ગયો છે તેની જાણ કરવા તેઓ જતા જ હતા. ત્યાં માની ભક્ત શિષ્યા મહારતને તેમને ઈશારો કરીને જાણ ન કરવા કહ્યું. આથી શશધરદા ચૂપ જ રહ્યા.

મહારતને માને દહીં ખવડાવ્યું.

એ પછી માએ સમય પૂછ્યો. તો સત્સંગ ચાલુ થવાના સમયની ફક્ત એક જ મિનિટની વાર હતી. મા જ્યાં હતાં ત્યાંથી સત્સંગ સ્થળે જવામાં દસ મિનિટ લાગતી હતી.

હવે મોડું થઈ ગયું એથી માએ મહારતનને ઠપકો આપ્યો : ‘‘તમે આ શરીરની સાથે રહેવા છતાં તેનો ભાવ સમજતાં નથી. તમે મને રોકી રાખીને ખવડાવ્યું એ સારું કર્યું. ત્યાં સમયસર પહોંચવું જ જોઈએ.’’

મહારતનને માનો ઠપકો મળ્યો તે સાંભળી લીધો, કેમકે, તેના અંતરમાં તો મા પ્રત્યેનો અપાર પ્રેમ જ હતો. માએ કશું જ ખાધું નહોતું અને સત્સંગમાંથી પાછાં આવતાં ઘણું મોડું થાય. ત્યાં સુધી મા સાવ ભૂખ્યા રહે, એના કરતાં બે-ચાર મિનિટ સત્સંગમાં મોડું થાય તો ભલે થાય, ઠપકો પણ સહન કરી લઈશ. પણ માને ખવડાવીને જ મોકલીશ ! આવો શુભ ભાવ હતો તેનો. આથી માના ઠપકાની તેને ખાસ અસર થઈ નહીં.

તે વખતે ત્યાં હાજર રહેલા ભાગવતાનંદગિરિ હસવા લાગ્યા એટલે માએ વધારે ગંભીર થઈને કહ્યું : ‘‘અત્યારે હસવાનું શું ?’’

આથી બધા એકદમ ગંભીર બની ગયા. બધાને ચૂપચાપ ને ગંભીર બની ગયેલા જોઈને મા ઠપકો આપતાં આપતાં પણ હસી પડ્યાં. કહ્યું : ‘‘પણ મને ગંભીર થઈને થોડું ધમકાવવા તો દો !’’

આ સાંભળીને ઠપકાની અસર, ગંભીરતા બધુંય હાસ્યની છોળમાં પલટાઈ ગયું. સહુના ગંભીર ચહેરા હાસ્યથી ખીલી ગયા. એ પછી મા સત્સંગ હોલમાં ગયાં. ત્યાં મહારતન માની સામે જ બેઠી હતી.



મા તેની સામે જોઈને હસી પડ્યાં. માનું હાસ્ય જોઈને મહારતન તો ભૂલી જ ગઈ કે થોડીવાર પહેલાં મા તેના પર ગુસ્સે થયાં હતાં.

સત્સંગ પૂરો થયો પછી મા નિજ ઓરડામાં આવ્યાં.

તેમણે મહારતનને પાસે બોલાવી કહ્યું : ‘‘આજે તને ધમકાવી તેથી તું મને દંડ આપ. મને સજા કર !’’

‘‘અરે, મા શું કહી રહ્યા છે આ ? વાંક તો મારો જ હતો. માને સત્સંગમાં મોડા પાડ્યાં ! માએ મને કહ્યું તે યોગ્ય જ હતું, અને હવે મને સામેથી કહે છે કે તું મને દંડ આપ !’’ તેના અંતરમાં ખળભળાટ મચી ગયો, પણ ગંભીરતા જાળવી રાખી. આખરે તો તે માની જ બાળકી હતી ! મોટેથી કહ્યું : ‘હા મા, તમને દંડ મળવો જ જોઈએ. તમને હું જરૂર દંડ આપું છું અને તે એ કે આજે રાત્રે તમારે મારી પાસે સૂઈ જવાનું !’

જેવો ઠપકો એવો જ દંડ જોઈને બધાં હસી પડ્યાં ને મહારતનને માટે તો એ દંડ માની કૃપારૂપ બની ગયો !





# સ્વામી અખંડાનંદજીની ચિરવિદાય

મા અને ગુરુપ્રિયા દીદી દહેરાદૂનના કિસનપુર આશ્રમમાં હતાં. ત્યારે ગુરુપ્રિયા દીદીના નામનો તાર આવ્યો કે સ્વામી અખંડાનંદજીની તબિયત ઘણી નાજુક છે. જલદી આવો."

સ્વામીજીની અસ્વસ્થ તબિયત વિશે મા પણ ચિંતિત હતાં. ઘણા સમયથી તેમની તબિયત સારી રહેતી નહોતી. મા જાણતાં હતાં કે હવે એમની વિદાય વેળા આવી પહોંચી છે. તાર મળ્યાના આગલે દિવસે જ એમણે દીદીને કહ્યું હતું : "બે દિવસથી સૂવાનો ભાવ જ નથી રહ્યો. ફક્ત પિતાજીની જ સતત યાદ આવી રહી છે. તારું એમની પાસે જવું જરૂરી છે. કાલ સુધી કોઈ ખબર ન આવે તો પરમ દિવસે ચાલી જજે."

માએ તેમને જવાનું કહી જ દીધું હતું. ત્યાં બીજે દિવસે જ બનારસથી તાર આવ્યો. દીદી ચિંતિત હતાં. ભલે તેમનાં પિતાએ પાછલી ઉંમરે સંન્યસ્ત ગ્રહણ કરી સંન્યાસ-ધર્મની કઠોર આચારસંહિતાનું પાલન કરી રહ્યા હતા, છતાં દીદીની એવી આંતરિક ઈચ્છા હતી કે પિતાજીના અંતિમ સમયે થોડો વખત તેમની સાથે રહીને સેવા કરવી.

તાર આવ્યો ત્યારે કહ્યું : "મા, માતાપિતાની સેવા કરવાનું મારા જીવનનું વ્રત હતું. હવે આપ બધાની ઉપર છો. તેથી આપની આજ્ઞા વગર હું નહીં જાઉં એવો નિશ્ચય કર્યો છે. તમારો ભાવ જોતાં એવું પ્રતીત થાય છે કે તુરત જ ચાલી નીકળું તો કદાચ એમને મળી શકું. પણ મારી એક પ્રાર્થના છે કે ત્યાં જઈને હું એમની થોડા દિવસ સેવા કરી શકું. નહીંતર મારા મનમાં અફસોસ રહી જશે કે હું તેમની સેવા ન કરી શકી. અને મા, આપને પ્રાર્થના કરું છું કે પિતાજીના અંતઃકાળે તમે એમની ભીતર અને બહાર હાજર રહેજો. આખરે તેઓ તમારા શરણમાં છે."

માએ દીદીને બીજે જ દિવસે વારાણસી જવા રવાના થવા કહ્યું. સાથે એમ પણ કહ્યું : 'તું ત્યાં ન હોવાથી પિતાજીની સારી રીતે સેવા થઈ શકતી નથી. એટલા



માટે તો તને વારાણસી રહેવા કહ્યું હતું, પણ ત્યારે તું માની જ નહીં. હવે અહીંથી તો ઘણી લાંબી સફર છે ને તાત્કાલિક ત્યાં પહોંચવાનો બીજો કોઈ રસ્તો નથી.'

માને મુખે આવી વાત સાંભળીને દીદી ચોંકી ઊઠ્યાં. મનમાં આશંકા પણ જાગી કે કદાચ પિતાજીનો મેળાપ નહીં થાય તો ? પણ મા સામે જ બેઠાં હતાં. એટલે કહ્યું : "મા, જન્મ ને મૃત્યુ તો બધા માટે અનિવાર્ય છે. પણ ત્યાં જઈને ઓછામાં ઓછું એમને મળી શકું અને તમે ત્યાં હાજર હો એવું ઈચ્છું છું. તમે તો જિંદગી પણ આપી શકો છો ને તમે બધું જ જાણો છો. આવી હાલતમાં તમે કેમ ત્યાંથી ચાલ્યા આવ્યા ? પિતાજીએ તો બધું જ તમારા ઉપર છોડ્યું છે. મેં મારી ઈચ્છા તમારા આગળ રજૂ કરી દીધી. હવે તમારી જે ઈચ્છા હોય તે કરો."

દીદીની વાત સાંભળી મા કંઈ જ ન બોલ્યાં, પણ તેમણે દીદીની મોટરમાં જવા માટે વ્યવસ્થા કરાવી આપી. દીદી મોટરમાં જવા રવાના થયાં ત્યારે મા દૂર ઊભાં રહીને જોઈ રહ્યાં હતાં. મુક્તિબાબાએ મોટરમાં બેઠેલાં દીદીને કહ્યું, "મા કહેતાં હતાં કે અંત સમયે ત્યાં હાજર રહેવા માટે દીદીએ કહ્યું છે. ત્યારે મેં એમને કહ્યું કે બરાબર છે. દીદી ત્યાં પહોંચીને તાર કરશે ત્યારે તમે પહોંચી જજો."

સાંજ સુધીમાં દીદી ત્યાં પહોંચી ગયાં. ત્યાં આશ્રમમાં જ સમચાર મળ્યા કે પિતાજીની હાલત ઘણી જ ગંભીર છે. તેઓ દેવનાથપુરામાં ભાડે મકાન રાખીને રહે છે. તેઓ વારંવાર દીદીને યાદ કર્યા કરે છે. દીદી પછી ઝડપથી પિતાજી પાસે આવી પહોંચ્યાં. ખરેખર તેમની તબિયત ખૂબ જ નાજુક હતી. પેટમાં અલ્સર વધી ગયું હતું અને તેમને અસહ્ય દર્દ થતું હતું. પેટમાં કશું ટકતું ન હતું. શ્વાસ લેવામાં ભારે તકલીફ પડતી હતી, પણ શરીરના આ દર્દને સાક્ષી ભાવે જોતા હોવાથી દર્દનાં ચિહ્નો મુખ ઉપર દેખાતાં નહોતાં. અદ્ભુત સહનશક્તિ જોઈ ચકિત થઈ જતાં હતાં. સ્વામી શંકરાનંદને તેમણે કહી દીધું હતું કે હવે આમાંથી બચવાનો નથી. મને એનું જરાય દુઃખ નથી, પણ અંતિમ સમયે માનું ચરણામૃત અને ચરણરજ મળે એટલી ઈચ્છા છે.

હવે દીદીને આવી ગયેલાં જોઈને તેઓ પ્રસન્ન થઈ ગયા ને રાહત પણ અનુભવી. દીદીને પહેલો પ્રશ્ન એ પૂછ્યો : "મા કેમ છે ?"

મા સ્વસ્થ છે તે જાણીને પણ નિરાંત થઈ. દીદીએ જણાવ્યું કે સતત બે દિવસથી માની સામે તમારી જ આકૃતિ દેખાયા કરી છે. ત્યારે તેમને ખૂબ રાહત થઈ કે મા ખરેખર તેમનું ધ્યાન રાખી રહ્યાં છે. પછી ભય કોનો ? માએ તો આલ્મોડાથી તેમની સેવા માટે ભક્તોને પણ મોકલી આપ્યા. દૂર હોવા છતાં મા

કેટલી કાળજી લઈ રહ્યા છે તેની પ્રતીતિ સ્વામી અખંડાનંદજીને સતત થતી રહી. માએ લખાવેલા પત્રે તો તેનું પ્રમાણ આપી દીધું. માએ લખાવ્યું હતું : ''પિતાજીની પાસે આ બાળકી બધો જ વખત રહેલી છે. તમે લોકો પોતાની ઈચ્છા પ્રમાણે આ શરીરને જોઈ શકતાં નથી એ માટે તલભાર પણ અફસોસ ન કરશો. મંગલમય જે કંઈ કરી રહ્યા છે તે બધું જ મંગલ છે. શાંતિ, શાંતિ, શાંતિ. જે સ્થિતિમાં પણ હો તેમાં તમારી જેમ આ બાળકીમાં ચંચળતા, અસ્થિરતાના ભાવ નહીં દેખાય. સ્થિર સેવાવ્રત જ આશા છે.''

પછી જેમણે માનો આ પત્ર લખ્યો હતો તે મૌની માતાએ દીદીને લખ્યું : ''માનો ભાવ જોતાં એવું જણાય છે કે બધો જ વખત એમની દૃષ્ટિ પિતાજી પર સ્થિર થયેલી છે.'' આ પત્રથી દીદીનું મન પણ શાંત થઈ ગયું. મા બધો જ વખત સાથે છે, પછી ડર કોનો ?

''મને કોઈનો ય ડર નથી. પણ શરીરનો જે ભોગ છે તે તો ભોગવવો જ પડે.'' આટલું બોલીને સ્વામી અખંડાનંદજી ચૂપ થઈ ગયા.

પછી દીદીએ તેમને ધીમેથી પૂછ્યું : ''આપને કંઈ કહેવું છે ?''

''ના, મારે કંઈ જ કહેવાનું નથી.'' દીદીએ જોયું કે પિતાજી શાંતભાવથી માના શબ્દો 'જો હો જાય'-તે માટે તૈયાર થઈ રહ્યાં હતાં. બીજે દિવસે પીડા ખૂબ વધી ગઈ. બંધ આંખે જ પૂછ્યું : ''માને સમાચાર જણાવ્યા ?'' ''ના, તાર તો નથી કર્યો, પણ કાગળમાં બધું જ લખ્યું છે.''

''કેમ ? તાર કરવો જોઈતો હતો.'' પછી સ્વામીજીના ભત્રીજા જીતેનદાએ સ્વામીજીના નામથી જ તેમને પૂછ્યા વગર જ તાર કરી દીધો. તારમાં જણાવ્યું હતું : ''હું મૃત્યુ શય્યા ઉપર છું. તમારી ઈચ્છા પૂરી થાય. અંતકાળે તમારા ચરણોમાં મારું મસ્તક નમેલું રહે.''

સ્વામીજીએ આ જાણ્યું ત્યારે તેમણે કહ્યું, 'આ બરાબર નથી કર્યું, જેમ માની ઈચ્છા હોય તેમ તેઓ કરે, આમાં તો આવવા અંગે જુદી રીતે સૂચન કર્યું છે. ના, આ બરાબર નથી. વળી 'મૃત્યુ શય્યા ઉપર છું' એની ખાતરી ઓછી છે ? આવો તાર માને નહોતો કરવો જોઈતો.''

શરીરમાં અસહ્ય યાતના થતી હતી, છતાં વિચારશક્તિ એવી ને એવી જ સક્રિય હતી. વિવેકશક્તિ પૂરેપૂરી જાગૃત હતી.

તે બપોરે ખૂબ ગરમી હોવાથી દીદી મસ્તક પર ઠંડા પાણીનાં પોતાં મૂકતા હતાં ત્યારે પૂછ્યું : ''પિતાજી, માની વાતો યાદ છે ને ?''



મસ્તક હલાવીને કહ્યું : ''હા, અને જો તને, મને ને અટલબાબુને માએ શાહબાગમાં કંઈ કહ્યું હતું તે કરવાનું છે, તને બધું યાદ છે ને ?''

''બરાબર યાદ નથી.'' ''વાહ ! બરાબર યાદ નથી !'' દરમિયાનમાં કોઈએ દીદીને પૂછ્યું : 'હવે કેમ લાગે છે ?' ત્યારે દીદીએ કહ્યું : 'પીડા તો અસહ્ય છે, પણ સ્થિર ભાવ દાખવી સહી રહ્યા છે, પછી દીદીએ પિતાજીને કહ્યું : ''નનીદાદા તમને નામ સંભળાવા ઈચ્છે છે.'' ''સંભળાવવાની શી જરૂર છે ? બધો વખત મારી અંદર ચાલુ છે.''

ત્યારે જ સહુને ખબર પડી કે આવી દર્દભરી સ્થિતિમાંય તેઓ માનો જપ સતત કરી રહ્યાં છે. બીજે દિવસે તબિયત વધુ બગડી. દર્દ વધ્યું. શ્વાસમાં વિશેષ તકલીફ પડવા લાગી. બધાને થયું કે હવે અંતકાળ નજીક છે, પણ એ સ્થિતિમાંય સ્વસ્થ ને જાગૃત હતા. દીદીએ કહ્યું : ''માએ કહ્યું છે કે દરેક ક્ષણ સાથે જ છું. માની વાત ખોટી ન હોય. તેઓ સાથે જ છે. બરાબર ને ?''

તેમણે માથું હલાવી હા પાડી. દીદીએ ચરણામૃત પિવડાવ્યું ને માની ચરણરજ આપી. શંકરાનંદ સ્વામીએ દીદીને કહ્યું : ''શું હું નથી જાણતો ?''

એટલી દૃઢતાથી કહ્યું કે પછી કોઈ આગળ કંઈ બોલી શક્યું નહીં. તેમની પાસે માની છબિ લાવવામાં આવી તો હાથેથી હટાવીને એવો ભાવ વ્યક્ત કર્યો કે હવે એની પણ જરૂર નથી રહી.

છેક છેલ્લી ક્ષણ સુધી આવી જાગૃતિ જોઈને બધાંને આશ્ચર્ય થતું હતું. દીદીએ કહ્યું : ''બાબા ચરણામૃત.''

તેમણે કહ્યું : ''ઠીક છે !'' તેમને ફરી ચરણામૃત આપ્યું. ભક્તો ચારેબાજુ ગંગાજળનો છંટકાવ કરી રહ્યા હતા.

તેમણે પણ આંખ બંધ કરી રહ્યું : 'ગંગાજળ.' તે વખતે તેમના હાથના નખ કાળા પડવા લાગ્યા હતા. મૃત્યુની પ્રક્રિયા શરૂ થઈ ગઈ હતી. છતાં તેઓ પૂરેપૂરા જાગૃત હતા. બોલ્યા : 'તત્ત્વમસિ.' પછી સંન્યાસીઓએ તેમને સંન્યાસમંત્ર સંભળાવ્યો. તેમણે ઓરડામાં ચારે બાજુ ટીંગાડેલી માની છબિઓ તરફ એક નજર નાખી. ધીમે ધીમે પોતાનું માથું ઉત્તર તરફ કર્યું. પછી શ્વાસને હૃદયમાં સ્થિર કર્યો. બોલ્યા : 'દર્શન.'

પછી થોડી વાર શાંતિ. ફરી એક શબ્દનું ઉચ્ચારણ : 'ભેદ.'

જાણે કે તેમને કોઈ અલૌકિક દર્શન થયું હોય એવા દિવ્ય ભાવમુખ ઉપર ઝળહળી રહ્યા.

પછી તેમણે હાથ ભેગા કરીને પ્રણામની મુદ્રામાં ગોઠવ્યા ને એ સમયે દીદીએ ફરી ચરણામૃત આપ્યું ને અંતિમ શ્વાસ છોડી દીધો.

પછી મણિકર્ણિકા ઘાટ પર બેન્ડવાજાની સાથે તેમના પાર્થિવ દેહને ત્યાં લઈ જવામાં આવ્યો. પછી વિધિવત્ જળસમાધિ આપી. મા ભલે ભૌતિક દેહે તે સમયે હાજર નહોતાં પણ સૂક્ષ્મ રૂપે બધો જ વખત ત્યાં હતાં અને સ્વામી અખંડાનંદ માની એ સૂક્ષ્મ હાજરીની અનુભૂતિ કરી રહ્યા હતા. કેમકે, ઘણા વખત પહેલાં વિંધ્યાચલમાં માએ તેમને કહ્યું હતું : "જુઓ, તમારી તબિયત સારી રહેતી નથી ને આ શરીર તો જુદે જુદે સ્થળે આંટાફેરા કરી રહ્યું છે. તેથી બધો વખત આ શરીર સાથે રહેવાનું બની શકશે નહીં."

આટલું કહ્યા પછી માએ એવી કોઈ સૂક્ષ્મ વાત કહી દીધી કે સ્વામીજી ગદ્ગદિત થઈ ગયા. અને એ જ સૂક્ષ્મ વસ્તુ એમના જીવનપર્યંત એમની અંદર સ્થિરપણે જળવાઈ રહી હતી ને તેથી જ તો પછી તેમને માના ભૌતિક સાન્નિધ્યની ઊણપ ક્યારેય વર્તાઈ નહીં. અંતકાળે પણ નહીં.

એ સૂક્ષ્મ વસ્તુ શી હતી એ તો તેને મા સિવાય બીજું કોઈ જાણતું નહોતું, પણ એવું અનુમાન જરૂર કરી શકાય કે તેઓ તેમના હૃદયમાં બધો જ વખત રહેલા છે એનું દર્શન માએ કરાવ્યું હશે ! અંતકાળ સમયે પણ આ હાજર હતાં તેની વાત માએ પોતે જ દીદીને કરી હતી કે, "આ શરીરને ત્યાં આવવાની કોઈ આવશ્યકતા જ નહોતી. દૂરત્વ બિલકુલ ન હતું, એવું લાગતું હતું કે જાણે સાવ પાસે બેઠી છું."

દીદીને ત્યારે સંપૂર્ણ ખાતરી થઈ ગઈ કે માની સૂક્ષ્મ હાજરીએ જ એમના પિતાના દેહત્યાગને સહજ બનાવી દીધો હતો.

**કોઈ પણ અપવાદ વિના દરેકે સખ્ત પરિશ્રમ કરવો જ જોઈએ. ઈશ્વરના સાક્ષાત્કાર માટે પુરુષો તેમજ સ્ત્રીઓને એકસરખી શક્તિ બક્ષેલી છે. આવા દુર્લભ-વિરલ-વરદાનરૂપ માનવ-જીવન સાર્થક બનાવવું એ માનવપ્રાણીનું કર્તવ્ય છે. નહિતર એણે જન્મમરણના ચકરાવામાં અથડાયા કરવું પડશે.**

**– 'શ્રી શ્રી મા'**





## 'હું ક્યાંથી દર્શને જઈ શકું ?'

અલ્મોડાથી પંદરેક કિલોમીટર દૂર, હિમાલયની ગિરિમાળાની વચ્ચે, પ્રકૃતિસૌંદર્યથી ભરપૂર મીરટોલા ગામ આવેલું છે. ત્યાંથી થોડે દૂર યશોદા મા અને યોગી કૃષ્ણપ્રેમનો આશ્રમ આવેલો છે. યશોદા પૂર્વાશ્રમમાં બંગાળના સુપ્રસિદ્ધ વિદ્વાન અને લખનૌ યુનિવર્સિટીના કુલપતિ શ્રી જ્ઞાનેન્દ્રનાથ ચક્રવર્તીનાં પત્ની મોનીકાદેવી હતાં. સ્વરૂપવાન, જાજ્જવલ્યમાન, પાશ્ચાત્ય સંસ્કાર અને કેળવણીથી સુસજ્જ, આધુનિક વિચારધારાથી સંપન્ન આ મહિલા સોસાયટીમાં, પાર્ટીઓમાં, સમાજના ઉચ્ચ શિક્ષિત વર્ગમાં આકર્ષણનું પાત્ર બની રહેતાં. તેમના અંતરમાં કૃષ્ણ પ્રત્યે રહેલા જન્મજાત પ્રેમને, આ પાશ્ચાત્ય સંસ્કારોએ થોડો સમય ઢાંકી રાખ્યો, પણ તેને હટાવી શક્યા નહીં. પાશ્ચાત્ય રીતરસમો ને ભૌતિક ઝાકઝમાળની વચ્ચે પણ કૃષ્ણ પ્રત્યેના આ પ્રેમે ધીમે ધીમે પ્રગટવાનો પોતાનો માર્ગ કરી જ લીધો. સાચું સ્વરૂપ બહાર આવવા લાગ્યું. એ આંતરિક સંસ્કારોનો પ્રભાવ વધતો ગયો તેમ તેમ પછી બાહ્ય વસ્તુઓનું આકર્ષણ ઘટતું ગયું. પછી તો એવી આંતરિક સ્થિતિ થઈ ગઈ કે કૃષ્ણ વગર જીવવું જ અશક્ય થઈ પડ્યું. એ સ્થિતિમાં સંન્યાસ લીધો અને તેઓ 'યશોદા' બની ગયાં.

લખનૌ યુનિવર્સિટીના અંગ્રેજીના વિદ્વાન પ્રોફેસર રોનાલ્ડ નિક્સને યશોદામાને ગુરુ તરીકે સ્વીકાર્યાં અને એમણે પણ સંન્યાસ ગ્રહણ કર્યો ને યશોદામાએ તેમને નામ આપ્યું 'કૃષ્ણપ્રેમ'.

એ પછી યશોદા માએ લખનૌ છોડી દીધું. હિમાલયમાં મીરટોલામાં રાધાકૃષ્ણનું મંદિર બાંધ્યું ને ત્યાં રહેવા લાગ્યાં. તેમની સાથે તેમની પુત્રી મોતીરાણી ને શિષ્ય કૃષ્ણપ્રેમ રહેતાં હતાં.

યશોદા મા તો કૃષ્ણભક્તિના ભાવમાં જ સદા ડૂબેલાં રહેતાં હતાં. તે સમયે તેઓ ઘણાં જ અશક્ત હતાં ને વૃદ્ધાવસ્થાને લીધે લાંબી મુસાફરી કરવાને અશક્ત બની ગયાં હતાં. પણ બે દિવસ પહેલાં જ ગુરુપ્રિયા દીદીએ લખેલા શ્રીમા આનંદમયીના ૩ ભાગ બંગાળી ભાષામાં હતા તે વાંચી લીધા હતા. તેથી તેમના મનમાં મા આનંદમયીને મળવાની તીવ્ર ઈચ્છા જાગી ઊઠી, પણ તેઓ હવે આટલી

લાંબી મુસાફરી કરી માને મળવા આટલે દૂર જઈ શકે તેમ ન હતાં. એટલે મનમાં વિચારી રહ્યાં કે મારામાં હવે એવી શક્તિ નથી કે હું માના દર્શને જાઉં, પણ જો મા કૃપા કરીને અહીં આવે તો જ દર્શન થઈ જશે. મનમાં આ ભાવ સતત ચાલતો રહ્યો અને ત્યાં માના અંતરમાં આ ભાવ ઝીલાયો. એમને 'મીરટોલા' જવાનો 'ખ્યાલ' બે દિવસથી આવી રહ્યો હતો અને ત્રીજે દિવસે તો એમણે નક્કી જ કરી દીધું કે 'મીરટોલા' જવું, ફેક્સ અને કોમ્પ્યુટરના સંદેશા કરતાં પણ ત્યાં વધારે અસરકારક એવું સંદેશનું સાધન હૃદય હતું. એક હૃદયની ઉત્કટ અભીપ્સા બીજા હૃદયે ઝીલી અને મા મીરટોલા આવી પહોંચ્યા.

ત્યાં પહોંચતા જ વરસાદનાં ઝાપટાંએ સ્વાગત કર્યું. ત્યાંના અતિથિભવનમાં ઊતર્યાં. આશ્રમ જોતાં દીદીને એવું લાગ્યું કે ચારે બાજુ ગાઢ જંગલની વચ્ચે નાનકડો આશ્રમ જાણે સ્વર્ગમાંથી પ્રકૃતિની ગોદમાં સીધુ ઊતરી આવેલું કોઈ દિવ્ય ભવન ન હોય !

યશોદા માની પુત્રી મોતીએ બધાનું સ્વાગત કર્યું. તેણે પ્રણામ કર્યા ત્યારે માએ કહ્યું : ''તમને બધાને હેરાન કરવા હું અહીં ચાલી આવી.''

હસતાં હસતાં મોતીએ કહ્યું : ''હા મા, હેરાનગતિ જ છે. અમે લોકો તમારી પાસે આવવાની તૈયારી કરતાં હતાં, પણ હજુ સુધી આવી શક્યાં નહીં, એ અમારા માટે ખૂબ દુઃખદાયક ને શરમજનક છે. આ તો આપે અમારા ઉપર કૃપા કરી અહીં આવવાનું કષ્ટ ઉઠાવ્યું !''

મોતીની પ્રેમભરી વાણી ને એવો જ આત્મીય વ્યવહાર જોઈને મા ખૂબ પ્રસન્ન થઈ ગયાં. પછી માએ જાણ્યું કે યશોદા મા તો કેટલાય દિવસથી પોતાના ઓરડાની બહાર જ નીકળ્યાં નથી. આથી મા પોતે એમની પાસે જવા માટે અતિથિગૃહમાંથી બહાર નીકળ્યાં અને ત્યાં યશોદા મા એવું વિચારી રહ્યાં કે મા આનંદમયી પોતે અહીં સુધી સામે પગલે આવ્યાં છે તો પછી ગમે તેમ ચાલીને પણ તેમણે જ તેમને મળવા જવું જોઈએ. આમ માનીને તેઓ પણ અતિથિભવન જવા નીકળ્યાં. રસ્તામાં જ બંનેનું મિલન થયું. યશોદા મા માને પ્રણામ કરવા જતાં હતાં ત્યાં તો માએ એમના બંને હાથ પ્રેમપૂર્વક પકડી લીધા ને બોલ્યાં : ''મા પાસે એની દીકરી આવી પહોંચી છે.''

આમ કહીને તેમણે યશોદા માના હૃદય પાસે પોતાનું મસ્તક જડી દીધું ને યશોદા માએ ખૂબ પ્રેમપૂર્વક બાહુઓમાં પકડી લીધું. અદ્‌ભુત હતું બંને માતાઓનું મિલન ! એટલામાં કોઈ બોલી ઊઠ્યું : 'એક ઝાપટું વરસી ગયું.'



ત્યારે યશોદા માએ કહ્યું : ''પાણીની નહીં પણ માના આગમને પુષ્પવૃષ્ટિ થઈ છે.'' માના આગમનથી યશોદા મા ખૂબ પ્રસન્ન થઈ ગયાં. તેમણે માને કહ્યું પણ ખરું : ''ત્રણ દિવસથી અંતરમાં આપનું જ રટણ ચાલી રહ્યું હતું. મનમાં તીવ્ર અફસોસ થતો હતો કે મા પાસે હવે હું તો ક્યાંથી જઈ શકીશ?''

તેમને વધારે આગળ બોલતાં અટકાવીને જ માએ કહ્યું : ''ભાવના રૂપમાં મા પોતાની પુત્રી પાસે પહોંચી ગયાં હતાં, તો દીકરી દોડીને મા પાસે આવી ગઈ ને ?''

યશોદા મા સાથે માની વાતો સાંભળીને ત્યાં હાજર રહેલા સહુ પણ અદ્‌ભુત આનંદનો અનુભવ કરી રહ્યાં. પછી મા રાધાકૃષ્ણના મંદિરમાં ગયાં. ત્યાં શ્રીકૃષ્ણપ્રેમ ખૂબ ભાવપૂર્વક આરતી કરી રહ્યા હતા. એ જોઈને બધા મુગ્ધ થઈ ગયા.

આરતી પૂરી થયા બાદ તેમણે કીર્તન કર્યું. મા પણ સામેલ થયાં.

કૃષ્ણ પ્રેમનાં આંદોલનોથી ભરપૂર એ દિવ્ય મનોહારી વાતાવરણમાં એક દિવસ રોકાઈને બીજે દિવસે પાછા આલ્મોડા પહોંચી ગયા.





## 'જરા અંતર તરફ નજર ફેરવો !'

મા ત્યારે કલકત્તામાં દક્ષિણેશ્વરમાં શ્રીરામકૃષ્ણ પરમહંસના કાલીમંદિરે દર્શનાર્થે ગયાં હતાં. જ્યાં પરમહંસદેવે સાધના કરી હતી એ પંચવટીમાં મા બેઠાં હતાં. માની સાથે બે-ચાર શિષ્યો પણ હતા. એ સમયે જ આઝાદહિંદ ફોજના સર્જક અને કોઈ પણ ભોગે માતૃભૂમિને મુક્ત કરવા તત્પર બનેલા પ્રખર દેશભક્ત સુભાષચંદ્ર બોઝ પણ દક્ષિણેશ્વરમાં દર્શનાર્થે આવ્યાં. મા ત્યાં પંચવટીમાં બેઠાં છે એવા સમાચાર મળતાં માનાં દર્શને આવ્યા. માને પ્રણામ કરી માની પાસે બેઠા. તેમણે મા વિશે સાંભળ્યું તો ઘણું હતું, પણ પ્રત્યક્ષ રીતે દર્શન કરવાનો મોકો ક્યારેય મળ્યો ન હતો. પ્રથમ દર્શને જ માની ઉચ્ચ આધ્યાત્મિકતાનો તેમને ખ્યાલ આવી ગયો. તેમની સાથે વાતચીતનો દોર બંધાય એ હેતુથી માની સાથે રહેલા અમૂલ્યકુમાર દાસગુપ્તે માને દેશભક્તિના સંદર્ભમાં એક પ્રશ્ન પૂછ્યો : ''મા, શું દેશસેવા એ ભગવાનની સેવા નથી ? દેશની સેવા કરતાં કરતાં ભગવાનની પ્રાપ્તિ ન થઈ શકે ?''

''જો અંતરમાં સાચો ભાવ હોય તો દેશસેવા દ્વારા પણ ભગવાન પ્રાપ્ત થઈ શકે છે.'' અને પછી માએ સુભાષબાબુને સીધું જ પૂછ્યું : ''અચ્છા, બાબા, તમે દેશનું કામ કરો છો, ખરું ને ?''

સુભાષબાબુએ હાથ જોડી મસ્તક હલાવ્યું. ''તમે દેશસેવા શા માટે કરો છો તે કહેશો ?'' ''મા, આનંદ માટે.'' ''એ આનંદ અખંડ હોય છે કે ખંડિત?'' ''એની મને ખબર નથી, મા !''

આ સાંભળીને મા હસ્યાં અને પછી કહ્યું : 'બાબા, આ કામની સાથે પેલું કામ પણ કરતા રહેજો. હા, પણ તમે મને એમ કહેશો કે દેશનું કામ હું મારા માટે કરતો નથી, સર્વના સુખાર્થે કરું છું, પણ તમે જે કહો છો એ જ હું તમને કહું છું. તમે કહેશો કે જગતની પ્રવૃત્તિઓ એકમાત્ર સ્વ-આનંદ માટે જ થાય છે. બધા લોકો અખંડ આનંદ ઝંખે છે. તેનું કારણ એટલું જ કે અખંડ આનંદનો અનુભવ આધ્યાત્મિક છે, આંતરિક છે. તેને મેળવવા લોકો પ્રયાસ કરે છે. તપ-સાધના વગેરે કરે છે. તમે કહેશો કે એમ કરવાથી ફાયદો શો ? તો તેના ઉત્તરમાં હું કહું છું



કે જો આધ્યાત્મિક દિશાનું કામ કરવામાં આવે તો મનુષ્ય પોતાને જાણી શકે છે, આત્મજ્ઞાન પ્રાપ્ત કરી શકે છે. તેથી જગતનું પણ યથેષ્ટ જ્ઞાન મેળવી શકાય છે અને તે દ્વારા જગતનું કલ્યાણ કરી શકાય છે - જેમ બી.એ.ની પરીક્ષા પાસ કર્યા પછી પ્રોફેસરો પોતાના મૂર્ખા વિદ્યાર્થીઓને વિદ્વાન બનાવે છે તેમ.''

પછી મા હસવા લાગ્યાં ને પછી સુભાષબાબુને કહ્યું : ''બાબા, તમે તો અનેક સ્થાને જાઓ છો, ભાષણો કરો છો, અહીં પણ કંઈક કહોને ?''

''મા, હું તો આપને સાંભળવા આવ્યો છું, કહેવા નહીં.'' અત્યંત વિનમ્રભાવે સુભાષબાબુએ કહ્યું.

એમની આવી વિનમ્રતા જોઈને મા ખૂબ રાજી થયાં. પછી બોલ્યાં : 'તો પછી આ બાળકી જે કંઈ કહે તે સ્વીકારશોને ?'

''પ્રયત્ન કરીશ.''

''ફક્ત બહિર્મુખ ન રહો. બહાર તરફ જ ધ્યાન ન આપો. જરા અંતર તરફ પણ નજર કરો. ત્યાં અસીમ શક્તિ રહેલી છે.''

સુભાષબાબુના અંતરમાં રહેલી પ્રચંડ શક્તિઓને મા જાણી ગયાં હતાં. તેમને જણાયું કે અંતરમાં વળે તો તેઓ મહાન આધ્યાત્મિક યુગપુરુષ બની જશે. આથી જ માએ આ બીજી વખત ભારપૂર્વક કહ્યું.

માને મુખે આ વાત સાંભળીને તેમને પણ થયું કે માની વાત તો સાચી છે પણ અંતરમાં વળવું કેવી રીતે ?

આથી માને પૂછ્યું : ''મા, અંતર્લોક તરફ વળવાનો માર્ગ કોણ બનાવે ?''

મા, તેમને કંઈક કહેવા જતાં હતાં ત્યાં તો ઘણા બધા લોકો આવી ગયા ને પછી સુભાષબાબુની અંતર્લોકનો માર્ગ મેળવવાની વાત ત્યાં ને ત્યાં જ અધૂરી રહી ગઈ. ભક્તોના આગમનને લીધે સુભાષબાબુ પ્રણામ કરી ચાલ્યા ગયા.

એ પછી ક્યારેય તેમને માને મળવાનું થયું જ નહીં.

તેમની અંતર્લોકની યાત્રાનો આરંભ જ થઈ શક્યો નહીં.



# 'એમની આંખો ઈશ્વરથી વિમુખ થઈ નથી.'

મા ત્યારે કલકત્તામાં ભવાનીપુરમાં એક ભક્તને ત્યાં ઊતર્યાં હતાં. એ સમાચાર આપતાં અમીયા બોઝે પરમહંસ યોગાનંદજીને કહ્યું : 'મા આનંદમયીનાં દર્શન કર્યા વગર આપ હિંદ છોડી જશો નહીં.'

"જરૂર ! એમને મળવાની મને બહુ જ ઈચ્છા છે. એમની ઉચ્ચ ભૂમિકાની સમાધિની ઘણી વાતો મેં વાંચી છે, એટલે ત્યારથી એમને મળવા ઉત્સુક છું."

એ પછી પરમહંસ યોગાનંદજી પોતાના ભક્ત શિષ્ય રાઈટ સાથે માને મળવા ભવાનીપુર આવ્યા.

માના ઉતારાથી થોડે દૂર એમણે પોતાની મોટર ઊભી રાખી. મોટરમાં બેઠાં બેઠાં કેટલાંય લોકોને ત્યાં ટોળે વળીને ઊભેલાં જોયાં.

પછી ધ્યાનથી જોતાં એક ખુલ્લી જીપમાં શ્વેતવસ્ત્રધારિણી, છૂટા લાંબા કેશવાળી, કોઈ દેવી જાણે બધાંને આશીર્વાદ આપી રહી હોય તેવું દૃશ્ય દેખાયું. પરમહંસ યોગાનંદ જાણી ગયા કે એ જેમને મળવા આવ્યા છે તે આ જ શ્વેતાંબરી દેવી મા આનંદમયી છે.

તેઓ મોટરને ત્યાં જ ઊભી રહેવા દઈને નીચે ઊતર્યા ને ત્યાંથી પગે ચાલીને મા પાસે જવા લાગ્યા. તેમનો વિદેશી શિષ્ય પણ અનુસર્યો. બંને આગળ-પાછળ ચાલી રહ્યા હતા.

ત્યાં તો માએ દૃષ્ટિ ફેરવી ને તેમની દૃષ્ટિ પરમહંસજી પર પડી. મા જીપમાંથી નીચે ઊતર્યાં. ખૂબ ઝડપથી ચાલી પાસે પહોંચી ગયાં. બોલ્યાં : "પિતાજી, તમે આવ્યા ?" પ્રેમસભર શબ્દોના આ ઉચ્ચારણની સાથે જ માએ પોતાના બે હાથ પરમહંસજીના કંઠની આસપાસ વિંટાળી દીધા અને તેમના ખભા પર માથું ઢાળી દીધું.

માનો આવો ઉત્કટ પ્રેમભર્યો વ્યવહાર જોઈને યોગાનંદજીનો વિદેશી શિષ્ય જ નહીં, ત્યાં ઊભેલાં સર્વ ભક્તો પણ આશ્ચર્યચકિત થઈ ગયા. મા કે પરમહંસજી અગાઉ એકબીજા ને ક્યારેય મળ્યા નહોતાં. છતાં મા જાણે વરસોથી ઓળખતાં હોય, અત્યંત નિકટના સ્વજન હોય એ રીતે વર્તી રહ્યાં હતાં. આથી સહુ અચંબામાં પડી જાય એ સ્વાભાવિક જ છે.



પછી મા તો તુરત જ સમાધિમાં સરકી ગયાં.

માએ કરેલા પોતાના સત્કાર વિશે યોગાનંદજી આત્મકથામાં લખે છે : "સ્ત્રીના બાહ્ય દેહને ભૂલીને તેઓ પોતાને અવિકારી આત્મા તરીકે જ સમજતાં હતાં. આત્મદર્શનની ભૂમિકા ઉપરથી તેઓ ઈશ્વરના એવા જ બીજા ભક્તનું આનંદપૂર્વક સ્વાગત કરતાં હતાં. તેઓ મને મારો હાથ પકડીને ગાડી સુધી લઈ ગયાં."

"આનંદમયી મા, હું તમને ખોટી કરું છું." યોગાનંદજીએ કહ્યું.

"પિતાજી, યુગો પછી આ જિંદગીમાં તમને પહેલી વાર મળું છું. કૃપા કરીને મને છોડી જશો નહીં." માએ તેમને કહ્યું.

પછી બંને મોટરની પાછલી સીટ ઉપર બેઠાં, પણ મા તો સમાધિમાં ઊતરી ગયાં. ભક્તોએ ધૂન ઉપાડી અને પછી બધાં આનંદમયી માની જય બોલાવવા લાગ્યા.

અત્યાર સુધીમાં યોગાનંદજી ઘણા આત્મદર્શી પુરુષોને મળ્યા હતા. પણ તેઓ કદી આત્મદર્શી સ્ત્રીને મળ્યા નહોતા. માના સુકોમળ વદન ઉપર દૈવી આનંદની આભા છવાયેલી જોઈને અને સમાધિમાં મગ્ન એમનું અસ્તિત્વ જોઈને યોગાનંદજીને માની ઉચ્ચ આધ્યાત્મિક અવસ્થાનું દર્શન થઈ ગયું. મા તો અંદરમાં પરમતત્ત્વ સાથે તદ્રૂપ હતાં. બાજુમાં યોગાનંદજી બેઠા છે, એનો પણ હવે તેમને ખ્યાલ નહોતો. દરમિયાનમાં યોગાનંદજીએ માની પાસે બેઠેલી શિષ્યાને આ વિશે પૂછીને જાણકારી મેળવી લીધી. એટલું જ નહિ, એ શિષ્યાએ પહોળી છાતીવાળા, લાંબા વાળ ને કાળી દાઢીવાળા ને સુંદર આકૃતિવાળા એક પુરુષ તરફ આંગળી ચીંધી કહ્યું : "એ જ ભોળાનાથ, માના પતિ અને પ્રથમ શિષ્ય." યોગાનંદજી અહોભાવથી માના આ પ્રથમ શિષ્યને નીરખી રહ્યા. એટલામાં મા સમાધિમાંથી બહાર આવ્યાં.

યોગાનંદજીને એવું લાગ્યું કે અંતર્લોકમાં ડૂબીને, તાજગી મેળવીને મા પાછાં આ પાર્થિવ લોકમાં આવ્યાં છે. હવે માનું ધ્યાન પાછું યોગાનંદજી પ્રત્યે ગયું. પૂછ્યું : "પિતાજી, આપ ક્યાં ઊતર્યા છો ?"

"હમણાં અહીં કલકત્તામાં-રાંચીમાં. ને થોડા જ વખતમાં પાછો અમેરિકા જઈશ." "અમેરિકા ?"

"હા, અમેરિકાના સાધકો હિંદના મહિલા સંતનું બહુ જ ભાવપૂર્વક સ્વાગત કરશે. આપ મારી સાથે આવશો ?"

"પિતાજી મને લઈ જશે તો જરૂર આવીશ." માએ કહ્યું.

ત્યાં ઊભેલા માના શિષ્યોમાં ગણગણાટ વ્યાપી ગયો. વીસેક જેટલા શિષ્યો તો એવા હતા કે મા જ્યાં જાય ત્યાં તેમની સાથે જ જતા.

એમાંનો એક બોલી ઊઠ્યો : ''મા, વગર અમે જીવી જ ન શકીએ. તેમની સાથે અમે પણ અમેરિકા આવીશું.''

યોગાનંદજી આટલા બધાને અમેરિકા લઈ જવાની વ્યવસ્થા કરી શકે તેમ ન હતા. એટલે પછી માને અમેરિકા લઈ જવાનું એમણે માંડી વાળ્યું પણ તેઓ માને અને એમના બધા ભક્તોને રાંચી તો લઈ જઈ શકે તેમ હતા. આથી કહ્યું : ''મા, આ બધાને લઈને આપ રાંચી જરૂર આવો. આપ તો દિવ્યબાળક છો, મારી શાળાનાં નાનાં નાનાં ભૂલકાંઓને મળીને આપને ખૂબ આનંદ થશે.''

''પિતાજી મને જ્યારે લઈ જશે ત્યારે હું આનંદથી આવીશ.'' માની આવી આનંદભરી સ્વીકૃતિથી યોગાનંદજીને ખૂબ આનંદ થયો.

થોડા દિવસ બાદ મા યોગાનંદજીના રાંચી વિદ્યાલયમાં ગયાં. વિદ્યાલયનાં બાળકોએ માનું ઉલ્લાસભર્યું સ્વાગત કર્યું ને મા પ્રસન્ન થઈ બોલી ઊઠ્યાં : ''આ બધું બહુ જ સુંદર છે.'' બાળકોએ તો મા ઉપર ગલગોટાનાં ફૂલોનો વરસાદ વરસાવ્યો. પછી માએ પણ બધાં બાળકો ઉપર એવી જ પ્રતિવર્ષા કરી. પછી મા યોગાનંદજીની પાસે બેસી ગયાં.

મા સાથેની આત્મીયતાનો અનુભવ કરતાં યોગાનંદજી લખે છે : ''દરેકને તેઓ પોતાના અતિપ્રિય સ્વજન છે એમ લાગવા દેવા છતાં, નિરાળાપણાની ભાવના તેમની આજુબાજુ નિરંતર ચોકી કરતી હતી. સર્વવ્યાપકતાની વિરોધાભાસી ભિન્નતા !''

યોગાનંદજીએ માને એમના જીવન વિશે કહેવા વિનંતી કરી ત્યારે માએ કહ્યું : ''પિતાજી બધું જાણે છે, શા માટે પુનરાવર્તન કરવું ?''

તોપણ તેમણે હસીને માને ફરી વિનંતી કરી ત્યારે કહ્યું : ''પિતાજી, બહુ કહેવા જેવું નથી.'' પછી અવગણનાસૂચક ઈશારો કરીને હાથ પહોળા કરતાં માએ જે કહ્યું જેથી યોગાનંદજીને માના સ્વરૂપનો ખ્યાલ આવી ગયો. તેમણે કહ્યું : ''આ ક્ષણભંગુર શરીર સાથે મારી ચેતનાએ કદી ઐક્ય અનુભવ્યું નથી. અહીં પાર્થિવ જન્મ લેતાં પહેલાં હું એ જ હતી. નાની છોકરી તરીકે હું એ જ હતી. પુખ્ત ઉંમરની સ્ત્રી થઈ ત્યારે પણ હું એ જ હતી. જે કુટુંબમાં હું જન્મી તેમણે આ શરીરને પરણાવ્યું ત્યારે પણ હું એ જ હતી. અને પિતાજી, આજે તમારી સમક્ષ હું છું તે પણ હું તે જ છું અને હવે પછી અનંતના આકાશમાં મારી આજુબાજુ પ્રકૃતિના નિરંતર ફેરફાર ચાલ્યાં જ કરતા હોવા છતાં પણ હું એની એ જ રહીશ.''

માની વાણી સાંભળી રહેલા યોગાનંદજી તો મુગ્ધતાથી માને સાંભળતા જ રહ્યા ને ત્યાં તો મા સમાધિમાં સરકી ગયાં. એમનું શરીર મૂર્તિ જેવું જડ થઈ



ગયું, આંખો સ્થિર થઈ ગઈ. શરીર સાવ નિશ્ચેતન બની ગયું. પછી તો યોગાનંદજી પણ સમાધિમાં ઊતરી ગયા.

એકાદ કલાક એમ જ વીતી ગયો. પછી સમાધિમાંથી જાગ્યાં ત્યારે યોગાનંદજી બગીચામાં લઈ ગયા. ત્યાં માના ફોટા પાડ્યા. એ પછી બધાને અલ્પાહાર આપ્યો. મા પણ બાળકની જેમ સામે બેસી ગયાં.

માની સરળતા યોગાનંદજીને પણ સ્પર્શી ગઈ. માનો શિષ્ય માને ફળો અને મીઠાઈ ખવડાવવા લાગ્યો. યોગાનંદજીએ નોંધ્યું કે મા શાક અને મીઠાઈના સ્વાદનો તફાવત જાણતાં નહોતાં !

સાંજે મા વિદાય થયાં ત્યારે વિદ્યાલયનાં બાળકોએ મા ઉપર પાછી પુષ્પવૃષ્ટિ કરી. આ વખતે ગલગોટાનાં ફૂલોને બદલે ગુલાબની પાંખડીઓ હતી.

માએ હાથ ઊંચા કરી બધા બાળકોને અંતરના આશીર્વાદ આપ્યા ને બાળકોના ચહેરા આનંદથી ખીલી ઊઠ્યાં.

રાંચીની આ મુલાકાત પછી યોગાનંદજી માને બીજી વાર પણ મળ્યા હતા. તે મુલાકાત સીરામપોરના સ્ટેશન પર થઈ હતી. ત્યારે મા દેહરાદૂન જઈ રહ્યા હતાં. એ મુલાકાતમાં યોગાનંદજીએ સર્વ સ્થિતિમાં માના સમત્વના દર્શન કર્યાં. આ વિશે તેમણે લખ્યું છે : ''તેઓ ગાડીમાં ચઢ્યાં ત્યારે આશ્ચર્યમગ્ન થઈને મેં જોયું કે ટોળામાં હોય, ગાડીમાં હોય, મિષ્ટાન્ન જમતા હોય કે ધ્યાનમાં બેઠા હોય પણ એમની આંખો કદી ઈશ્વરથી વિમુખ થઈ નથી.''

ઈશ્વર સાથેનું માનું આવું અતૂટ તાદાત્મ્ય જોઈ યોગાનંદજીના હૃદયમાં કાયમ માટે મા અંકિત થઈ ગયાં.

આ વિશે તેમણે પણ લખ્યું છે :

''મારા અંતરમાં એમનો અવાજ સાંભળું છું. જાણે અમાપ મધુરતાનો પડઘો : ''જુઓ, અત્યારે ને હંમેશાં સનાતન સાથે એક છું. હું હંમેશાં તે જ છું.''



## 'હું ક્યાં છું ?'

કેલિફોર્નિયાના યોગ-ટીચર એસોસિયેશનના ભૂતપૂર્વ પ્રમુખ શ્રીરામજ્યોતિવર્મન્ ભારતમાં આવ્યા હતા. અનેક સાધુ-સંતોને એ મળ્યા. ઘણાની સાથે સત્સંગ કર્યો પણ હજુ તેમને એવું જણાતું હતું કે, જેમની હાજરી જ અંતરમાં આનંદ ને શાંતિ મૂકી આપે એવા કોઈ સંત તેમને મળ્યા નથી. સાચા સંત, કોને કહેવાય ? એ વિશે એમણે કેશવદાસજીને પૂછ્યું હતું. જવાબમાં તેમને કહેવામાં આવ્યું કે જે સર્વ સ્થિતિમાં સમાન રહે છે એ સાચા સંત. જેના સાન્નિધ્યમાં માણસને દિવ્યતાની અનુભૂતિ થાય તે સાચા સંત. પૂર્વમાં સંતો ચૈતન્યસભર હોય છે. જ્યારે પશ્ચિમના સંતો જીવનથી વિમુખ હોય છે, તેમ પણ તેને કહેવામાં આવ્યું. એના મનમાં પ્રશ્ન ઊઠ્યો કે મને આવા સાચા સંતના દર્શન થશે ખરાં ?

વિદેશી સ્ત્રી હોવાને નાતે ભારતમાં સાધુસંતોના અનેક પ્રકારના અનુભવો થયા હતા. પણ ભીતરમાં હલચલ મચાવી દે, અંદરનું બધું ખાલી કરીને તેમાં દિવ્યતા ભરી દે, તેવા સંતનાં દર્શન થયાં ન હતાં.

આવા સંતદર્શનનની પોતાની અભીપ્સા વિશે કેશવદાસજીને વાત કરી ત્યારે તેમણે પૂછ્યું : "મા આનંદમયીનાં તમે દર્શન કર્યાં છે ?"

"મા આનંદમયી ? ઓહ, એમનાં દર્શન કરવાની તો અમેરિકામાં હતી ત્યારથી ઈચ્છા છે. પરમહંસ યોગાનંદજીની આત્મકથામાં મેં મા આનંદમયી વિશે વાંચ્યું ત્યારથી મારા અંતરમાં મળવાની ઈચ્છા રહેલી જ છે, પણ તેઓ મને ક્યાં મળે ?"

"હાલમાં, અહીં કાશીમાં જ મા આવ્યાં છે. તમારે દર્શન કરવાં હોય તો હું આવતી કાલે તેમની પાસે તમને લઈ જઈશ."

અને બીજે દિવસે કેશવદાસજી સાથે જ્યોતિવર્મન્ માના દર્શને ગયાં ત્યારે મા તો સમાધિમાં મગ્ન હતાં. તેઓ ત્યાં બેઠા અને મા સમાધિમાંથી બહાર આવે તેની રાહ જોવા લાગ્યા. કેશવદાસજીએ 'રામકૃષ્ણહરિ' એ ભજન ગાયું. સમગ્ર વાતાવરણ ભજનના સૂરોથી છવાઈ ગયું. ધીમે ધીમે મા સમાધિભાવમાંથી બહાર આવવા લાગ્યાં.



પછી જ્યોતિવર્મને માને પ્રણામ કર્યાં. માએ પ્રસાદ આપ્યો અને પાસે બેસવા કહ્યું. આથી કેશવદાસજીએ કહ્યું : "માની સાવ નજીક જઈને બેસો." તેઓ થોડે દૂર બેઠાં હતાં તે ઊભા થઈને માની પાસે આવીને બેઠાં. ત્યાં પેલા સંતે કહ્યું : "બસ, માની આંખમાં જુઓ."

તેમણે માની આંખમાં આંખ પરોવી ને પછી શું થયું તે વિશે તેમણે લખ્યું છે : "જાણે હું પરમચેતનાની પકડમાં આવી ગઈ. મારા વિચારો અદૃશ્ય થઈ ગયા. મારું શરીર તો જાણે ત્યાં માની સામે જ હતું, પણ મારું હૃદય, અહમ્ એ કંઈ જ રહ્યું નહીં. 'હું ક્યાં છું ? એની મને કંઈ ખબર નથી. બસ, એ દૃષ્ટિમાં મારું સમગ્ર અસ્તિત્વ ઓગળવા લાગ્યું. ચૈતન્યના વિરાટમાં હું જાણે ઓગળી ગઈ. મારા શૂન્ય શરીરે હું મા પાસે બેસી જ રહી, બેસી જ રહી."

તે દિવસે મા પાસેથી પાછા ફર્યાં ત્યારે તેના અંતરમાં એવું કશુંક વ્યાપી ગયું હતું કે જેણે તેમના જીવનને બદલી નાખ્યું.

**મા માટે કોઈને સ્વીકારવો કે કોઈને પડતો મૂકવો, એ વાત જ નથી. માને માટે તો 'આદાન'-માં 'ત્યાગ', અને 'ત્યાગ'માં 'આદાન' જ છે. બધા સમયે અને બધા સંજોગોમાં પ્રેરણામાં અને શુષ્કતામાં મા છે જ, એ દરેક સાથે રહે છે જ અને સદા રહેશે પણ ખરી જ.**

**– 'શ્રી શ્રી મા'**

# 'સૌને માટે એકસરખો સંદેશ નથી !'



તે દિવસે એક જર્મન ગૃહસ્થ માનાં દર્શને આવ્યા હતા. હિંદી કે બંગાળી જાણતા નહોતા, એટલે ત્યાં હાજર રહેલા ચૌધરીને માએ દુભાષિયાનું કામ કરવા કહ્યું, કેમકે, તેઓ અંગ્રેજી જાણતા હતા.

તે જર્મને માને પૂછ્યું : ''ગાંધીજીએ આઝાદી માટે જે માર્ગ અપનાવ્યો છે તે હિંદને માટે લાભકર્તા બનશે ખરો ?''

આ પ્રશ્ન અંગ્રેજી પૂછાયો હતો. દુભાષિયાની કામગીરી એ હતી કે આ પ્રશ્નને બંગાળી ભાષામાં રજૂ કરીને માની સમક્ષ મૂકવો. પણ તેમ કરવાને બદલે તેમણે પોતાની બુદ્ધિનો ઉપયોગ કરી, એ જર્મનને સીધું જ કહી દીધું : ''કોઈ પણ રાજકીય બાબતને લગતા કોઈ પણ પ્રશ્નનો મા જવાબ નહીં આપે.''

આ પણ અંગ્રેજીમાં જ કહ્યું. મા તો કંઈ અંગ્રેજી જાણતાં ન હતાં, એટલે એમને શું પ્રશ્ન કે શું ઉત્તર એની બિલકુલ ખબર નથી એમ જ ચૌધરી માનતા હતા. મા વતી સીધું જ આ કામ કરી નાખ્યું તેનો તેમને આનંદ હતો.

પણ તેમના આશ્ચર્ય વચ્ચે માએ કહ્યું : ''તમે એમને એમ કેમ કહ્યું ?''

ચૌધરી તો ચોંકી ગયા કે માને કેમ ખબર પડી ગઈ ? પછી માએ તેમને આગળ કહ્યું : ''એમને કહો કે ગાંધીજી જે કંઈ કરે છે તે ઈશ્વરપ્રેરણાથી કરે છે. તેથી તે ફળદાયી થવું જ જોઈએ.''

માએ આપેલા ઉત્તરથી તે જર્મનને સંતોષ થયો. ચૌધરીને માની અંતઃદૃષ્ટિની સજગતાનો અનુભવ થયો કે, મા અંગ્રેજી જાણતા ન હોવા છતાં, પોતાની અંતઃદૃષ્ટિથી પ્રશ્નને જાણી શક્યાં. જાગૃત અંતઃદૃષ્ટિને ભાષાનો અવરોધ નડતો નથી એની પણ પ્રતીતિ થઈ.

એ જર્મને પૂછ્યું : ''મા, આપનો શો સંદેશ છે ?''

ઉત્તર મળ્યો : ''આ શરીરનો સંદેશ સર્વ માટે સરખો નથી.''

આ ઉત્તરથી એ ખૂબ જ સંતુષ્ટ થયો કેમ કે, માની વાત કેટલી સાચી હતી કે, દરેકની કક્ષા જુદી હોવાથી બધાંને માટે કંઈ એક સંદેશ હોઈ શકે નહીં. દરેકનો



એક જ માર્ગ હોઈ ન શકે. પછી તેણે માને પોતાના માટે એક પ્રશ્ન પૂછ્યો : 'મા, મારે માટે શો સંદેશ છે ?'

ત્યારે કહ્યું : ''થોભો અને રાહ જુઓ. પછી તમને સમજાશે.''

આ સંદેશ લઈ તે મા પાસેથી પાછો ફર્યો ત્યારે ભારતમાં સાચી આધ્યાત્મિક વ્યક્તિને મળ્યાનો આનંદ તેના હૃદયમાં વ્યાપેલો હતો.

